રજુ તારીખ ૨૦/૦૨/૨૦૨૬
દાખલ તારીખ ૨૦/૦૨/૨૦૨૬
ફેંસલ તારીખ ૨૭/૦૨/૨૦૨૬
સમયગાળો
વર્ષ–૦૦,માસ–૦૦,દિવસ–૦૭

**ખેડા જીલ્લાના મે.ચોથા એડીશ્નલ સેશન્સ જજ શ્રીની કોર્ટ સમક્ષ,**
**મુ.નડીઆદ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૩/૨૦૨૬**
**આંક–**

અરજદારો/આરોપીઓ :–

(૧) **સફીમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેક,**
ઉ.વ.પ૨, ધંધો–મજુરીકામ
(૨) **રસુલમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેક,**
ઉ.વ.પ૭, ધંધો–મજુરીકામ
**બંને** રહે. કાના તલાવડી મુ.રૂદણ
તા.મહેમદાવાદ જી.ખેડા
(હાલ જયુડી.કસ્ટડી,સબ જેલ બીલોદરા)

વિરૂધ્ધ

સામાવાળા :– સરકારશ્રી,

.........................................................................
**બાબત :– બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ (ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯) મુજબ જામીન અરજી.**
.........................................................................

.........................................................................
**અરજદારો/આરોપીઓ તરફે વિ.વ.શ્રી જી.વાય.પઠાણ**
**સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી ડી.આર.બારોટ**
.........................................................................

# –:: ચુકાદો ::–

**(૧)** અરજદારો/આરોપીઓ વિરુદ્ધ મહેમદાવાદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૧૨૬૦૧૦૮/૨૦૨૬ ના કામે બી. એન. એસ. કલમ-૧૦૯(૧), ૧૧૮(૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૨), ૧૯૧ (૨), ૧૯૧(૩), ૧૯૦ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો નોંધાયેલ છે. સદર ગુનાના કામે અરજદારો/આરોપીઓની અટક કરી ટ્રાયલ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ ત્યારબાદ અરજદારો/આરોપીઓની ટ્રાયલ અદાલત ધ્વારા જામીન અરજી નામંજૂર કરતા હાલની આ અરજી રેગ્યુલર જામીન ઉપર મુકત થવા બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ મુજબ દાખલ કરેલ છે.

**(૨)** સદર અરજીની સામાવાળાને નોટીસની બજવણી થતાં આંક-૪ થી ડી.આર. બારોટ, પી.પી.શ્રીની હાજર પુરસીસ રજુ થયેલ છે. તેમજ આંક-૫ થી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું રજુ કરેલ છે.

**(૩)** અરજદારો/આરોપીઓના વિદ્વાન વકીલ શ્રી જી.વાય.પઠાણે તેમની મૌખિક દલીલમાં જણાવેલ છે કે,અરજદારો/આરોપીઓ નિર્દોષ છે તેમણે કોઇ ગુનો કરેલ નથી. માત્ર શંકાના આધારે ખોટી રીતે સંડોવી દઇ અટક કરેલ છે.અરજદારો/આરોપીઓ કોઇ ગુનાહીત મંડળીનો ભાગ બનેલ નથી કે કોઇ ગુનાહિત મંડળી રચી કોઇ ગુનો આચરેલ નથી કે તેવી મંડળીમાં કોઇ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ બનેલ નથી. અરજદારો/આરોપીઓએ કોઇ વ્યકિતને ઉશ્કેરણી કરી કે કરાવી કોઇપણ વ્યકિતને વ્યથા કે મહાવ્યથા પહોંચાડી કે પહોચાડેલ નથી કે મારક હથીયારો થી કોઇ વ્યકિતને ઇજા પહોચાડેલ હોય તેવુ પણ બનેલ નથી. વધુમાં જણાવેલ છે કે, અરજદારો/આરોપીઓએ કોઇ ગુનાહિત ધમકી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી કે અપાવેલ નથી. અરજદારો/આરોપીઓ મજુરીકામ કરીને ગુજરાન ચલાવે છે, કુટુંબના ભરણપોષણની સંપૂર્ણ જવાબદારી તેમના શીરે છે. ઇજા પામનાર સાહેદો હાલ ભયમૂકત છે. ફરિયાદી અને આરોપીઓ એક જ મહોલ્લાના હોય તેઓ વચ્ચે હવે કોઇ તકરાર રહેલ નથી, તેમજ રમજાન મહીનો ચાલતો હોય તે હકીકત ધ્યાને લઇ તેમજ અરજદારો/આરોપીઓ મહેમદાવાદ તાલુકાના રૂદણ

ગામના કાયમી રહેવાસી છે. જંગમ તથા સ્થાવર મિલકત ધરાવે છે અને કયાંય નાસી ભાગી જાય તેમ નથી અને નામ.કોર્ટ જે કોઇ શરતો ફરમાવશે તેનુ ચુસ્તપણે પાલન કરવાની ખાત્રી આપે છે તેમજ સદર ગુનાની ટ્રાયલ દરમ્યાન પણ નિયમતી હાજર રહેવાની ખાત્રી આપતા હોઇ  અરજદારો/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા રજૂઆત કરેલ છે.

(૪) આ કામે સામાવાળા તરફે વિદ્વાન પી.પી. શ્રી ડી.આર. બારોટે તેમની દલીલોમાં જણાવેલ છે કે,આ કામે અરજદારો/આરોપીઓ ગેરકાયદેસર મંડળીનો સભ્ય બની અરજદાર/આરોપી નં.(૧) સફીમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેકનાએ તેના હાથમાંની લાકડી સાહેદ મહેમુદમીયાંના માથાના ભાગે જોરથી મારી ગંભીર જીવલેણ ઈજા કરેલ છે. તેમજ આરોપી નં.(૨)રસુલમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેકે તેના હાથમાંનો લાકડાનો દંડો સાહેદ મહેમુદમીયાંના ડાબા પગમાં તેમજ બંને હાથના ભાગે જોરથી મારી ઈજા કરી ગુનો કરેલ છે. તેમજ આ કામે સામસામે ગુનાઓ દાખલ થયેલ છે, ફરીયાદી, સાહેદો, આરોપીઓ એકજ ગામના હોય, જેથી જામીન ઉપર મુક્ત થયેથી ફરીથી બીજો મોટો કોગ્નીઝેબલ ગુનો કરે કરાવે તેવી પાકી સંભાવના રહેલ છે તેમજ સમાજમાં આવા ગંભીર પ્રકારના શરીર સબંધી ગુનાઓ થતા રોકવા માટે સદર અરજદારો/આરોપીઓ ઉદાહરણ રૂપ બને તે સારૂ અરજદારો/આરોપીઓની જામીન અરજી નામંજૂર કરવા ભારપૂર્વક રજૂઆત કરેલ છે.

(૫) આ કામે જામીન અરજી, તપાસ કરનાર અમલદારનું સોગંદનામું, તપાસના પેપર્સ વંચાણે લીધા તેમજ પક્ષકારોના વિદ્વાન વકીલશ્રીની રજુઆત સાંભળી. એકંદરે એફ.આઈ.આર. અને તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લેતા અરજદારો/આરોપીઓએ ગેરકાયદેસર મંડળીના સભ્ય બની અરજદાર/આરોપી નં.(૧) સફીમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેકનાએ તેના હાથમાંની લાકડી સાહેદ મહેમુદમીયાંના માથાના ભાગે જોરથી મારી ગંભીર જીવલેણ ઈજા કરેલ છે. તેમજ આરોપી નં.(૨)  રસુલમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેકે તેના હાથમાંનો લાકડાનો દંડો સાહેદ મહેમુદમીયાંના ડાબા પગમાં તેમજ બંને હાથના ભાગે જોરથી મારી ઈજા કરી ગુનો કરેલ છે. પરંતુ તપાસ કરનાર અમલદારના

સોગંદનામાના કોલમ નં.૩૦ જોતા અરજદારો/આરોપીઓ કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી તેમજ ઈજા પામનારાને હાલ રજા આપી દીધેલ છે તેમજ તેઓ ભયમૂક્ત છે, ત્યારે અરજદારો/આરોપીઓના વિ.વ.શ્રીની દલીલો તેમજ અરજદારો/આરોપીઓ તરફે તપાસમાં સહકાર આપવા અને અદાલત ફરમાવે તે શરતોનુ પાલન કરવા તૈયાર અને ખુશી હોઇ તેમજ અરજદારો/આરોપીઓ ખેડા જીલ્લાના સ્થાનિક રહેવાસી છે અને ટ્રાયલ ચાલતા સ્વભાવિક લાંબો સમય લાગે ત્યાં સુધી અરજદારો/આરોપીઓને જયુડીશીયલ કસ્ટડીમાં રાખવામાં આવે તો પ્રી–ટ્રાયલ પનીશમેન્ટ થાય અને જામીન એ નિયમ અને જેલ એ અપવાદનો સિધ્ધાંત ધ્યાને લઈ જામીન અરજીના તબકકે ધ્યાને લેવાના તમામ પાસાઓ નજર સમક્ષ રાખી અરજદારો/આરોપીઓને શરતોને આધીન બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ મળેલ વિવેકબુધ્ધિની સત્તાનો ઉપયોગ કરી જામીન મુકત કરવા વાજબી અને ન્યાયોચિત જણાતુ હોઈ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

(૧) અરજદારો/આરોપીઓ **(૧) સફીમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેક, (૨) રસુલમીયાં સ/ઓ ઉસ્માનમીયાં નિઝામમીયાં મલેક, બંને** રહે. કાના તલાવડી મુ.રૂદણ, તા.મહેમદાવાદ જી.ખેડા (હાલ જયુડી.કસ્ટડી,સબ જેલ બીલોદરા)ને મહેમદાવાદ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૪૦૪૧૨૬૦૧૦૮/૨૦૨૬ ના કામે બી.એન.એસ. કલમ–૧૦૯ (૧), ૧૧૮ (૧), ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૩), ૧૮૯(૨), ૧૯૧ (૨), ૧૯૧(૩), ૧૯૦ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુનાના કામની સદર ફોજદારી પરચુરણ અરજી નં.૨૨૩/૨૦૨૬ આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) પ્રત્યેક અરજદારો/આરોપીઓએ રૂા.૨૦,૦૦૦/ (અંકે રુપિયા વીસ હજાર પુરા) ના સધ્ધર જામીન તેમજ તેટલી જ રકમના જાતમુચરકા આપ્યેથી ઉપરોકત ગુન્હામાં નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો :–</u>**

**એ.** અરજદારો/આરોપીઓએ પોતાને મળેલ સ્વતંત્રતાનો દુરઉપયોગ કરવો નહી.

**બી.** અરજદારો/આરોપીઓએ ફરીયાદપક્ષના સાક્ષી,પુરાવા સાથે કોઇપણ રીતે ચેડાં કરવા નહી કે સાહેદોને લોભ,લાલચ કે ધાક ધમકી આપવી નહી કે સુલેહ શાંતિનો ભંગ થાય તેવુ કોઇ કૃત્ય કરવુ નહી કે કોઇપણ જાતની ગુનાહિત પ્રવૃતિ કરવી નહી.

**સી.** અરજદારો/આરોપીઓ જો પાસપોર્ટ ધરાવતા હોય તો જામીન ઉપર મુકત થયા બાદ દિન–૦૭ માં ટ્રાયલ કોર્ટમાં અસલ પાસપોર્ટ જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનુ લેખિત સોગંદનામું દિન–૦૩ માં જે તે અદાલતમાં રજુ કરવુ.

**ડી.** અરજદારો/આરોપીઓએ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડવી નહી.

**ઈ.** અરજદારે જામીન મુકત થતી વખતે પોતના રહેણાંકનુ સરનામુ જરુરી દસ્તાવેજી આધાર સાથે તેમજ પોતાનો મોબાઇલ નંબર ટ્રાયલ કોર્ટમાં તેમજ સબંધીત પોલીસ સ્ટેશનમાં આધાર પુરાવા સાથે રજુ કરવાના રહેશે અને તેમાં કોર્ટની પૂર્વ પરવાનગી વગર ફેરફાર કરવો નહી.

**એફ.** અરજદારો/આરોપીઓએ છ મહીના સુધી મહીનાના પ્રથમ સોમવારે પોલીસ સ્ટેશનમાં હાજરી પુરાવવી.

**જી** અરજદારે ટ્રાયલ દરમ્યાન નામ.અદાલત સમક્ષ નિયમીત હાજર રહેવુ.

(૩) અરજદારો/આરોપીઓએ સંબધીત કોર્ટમાં જામીન રજુ કરવા.

(૪) આ હુકમની જાણ સબંધીત કોર્ટ,જેલ તથા પોલીસ સ્ટેશને કરવી.

હુકમ આજરોજ તા.૨૭ મી માહે–ફેબ્રુઆરી સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરીને જાહેર કર્યો.

તારીખ :– ૨૭/૦૨/૨૦૨૬

નડીઆદ.

**(મુકેશકુમાર જે.બ્રહમભટ્ટ)**

ચોથા અધિક સેશન્સ જજ,

નડીઆદ.

કોડ નં.જી.જે.૦૦૭૫૪

(આર.બી.ગોસ્વામી)